અપીલ અરજી નં. ૫૦૪ તા.૨૬–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ નં.૩/૨૩૮૦ ની મિલ્કતમાં ગુમાસ્તાધારા વિભાગ તરફથી મહેશ કેમીકલ એન્ડ કંપનીના નામે લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો. જો ગુમાસ્તાધારા લાઈસન્સ ઈસ્યુ થયેલ હોય તો કઈ તારીખથી ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો આ ઉપરાંત જો તેમા કોઈ ફેરફાર થયેલ હોય અથવા તો તેને કેન્સલ કરાવેલ હોય તો તેની વિગતવાર માહિતી મેળવવા મુદ્દા નં.૧ થી ૨ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૪/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ નં.૩/૨૩૮૦ ની મિલ્કતમાં ગુમાસ્તાધારા વિભાગ તરફથી મહેશ કેમીકલ એન્ડ કંપનીના નામે લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો. જો ગુમાસ્તાધારા લાઈસન્સ ઈસ્યુ થયેલ હોય તો કઈ તારીખથી ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો આ ઉપરાંત જો તેમા કોઈ ફેરફાર થયેલ હોય અથવા તો તેને કેન્સલ કરાવેલ હોય તો તેની વિગતવાર માહિતી મેળવવા મુદ્દા નં.૧ થી ૨ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં.૧૭૦૧ તા.૧૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા ખાસ કરીને 'રેકર્ડ ઉપલબ્ધ નથી' અંગે નાશ–નિકાલના કારણો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૩૮૫ તા.૪–૧–૧૨ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને ધારણા આધારિત રજુઆત સામે કોઈ આધાર હોય તો રજૂ કરવા તથા આ સંદર્ભે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તપાસણી મેળવેલ હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એઆરડી/૨૮૧ તા.૧૭–૧–૧૨ ના પત્ર થી અરજદારને પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૭૦૧ તા.૧૨–૧૨–૧૧ થી અપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.એઆરડી/૧૦૫ તા.૨૬–૧૧–૧૦ થી આઈ.ડી. નં.૮૩૦ તા.૪–૧૧–૧૦ થી પાના નંગ–૮ ની નકલ આપેલ તે જાણ કરતો પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારે તા.૧૦–૧–૧૨ ના પત્ર થી અપીલ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પાઠવેલ પ્રત્યુત્તરની નકલ, ફી ની વિગત, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૧૧–૧૧ ની બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૭૧૯ તા.૧૨–૧૨–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ વોર્ડ નં.૩/૨૩૮૦ ની મિલ્કતમાં ગુમાસ્તાધારા વિભાગ તરફથી મહેશ કેમીકલ એન્ડ કંપનીના નામે લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો. જો ગુમાસ્તાધારા લાઈસન્સ ઈસ્યુ થયેલ હોય તો કઈ તારીખથી ઈસ્યુ કરવામાં આવેલ છે. તે જણાવો આ ઉપરાંત જો તેમા કોઈ ફેરફાર થયેલ હોય અથવા તો તેને કેન્સલ કરાવેલ હોય તો તેની વિગતવાર માહિતી મેળવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૨ ટેનામેન્ટ નં.૦૩–બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ માં મહેશ કેમીકલ એન્ડ કાં. નું નામ જે પણ કોઈ દસ્તાવેજી પુરાવાઓને આધારે દાખલ થયેલ હોય તેની વિગત આપવા વિનંતી છે. મહેશ કેમીકલ એન્ડ કાં.નુ નામ ભાડુત તરીકે આકારણીખાતામાં કયા કયા દસ્તાવેજોનાં આધારે દાખલ થયેલ છે તેની નકલો મેળવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટેનામેન્ટ નં.૦૩–બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ માં મહેશ કેમીકલ એન્ડ કાં. નું નામ તા.૧–૪–૮૨ થી આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. જેની સ્થળ પ્રતની નકલ તથા સને ૧૯૭૯–૮૦ થી ૧૯૮૨–૮૩ ના

ચતુવર્ષીય એસેસમેન્ટની નકલો અરજદારશ્રીની તા.૪–૧૧–૧૦ ની અરજી આઈડીફ નં.૮૩૦ સંદર્ભે અત્રેના તા.૨૬–૧૧–૧૦ ના પત્ર નં.એઆરડી/૧૦૫ થી આપવામાં આવેલ છે. તેવુ જણાવેલ. જે ખરેખર કલમ ૬(૧) જોતાં પ્રત્યેક અરજીમાં સ્વતંત્ર હોવા જોઈએ પરંતુ અરજદારે તે અંગે અપીલ તબકકે કોઈ તકરાર ઉભી કરેલ નથી.

જે અંગે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં.૧૭૦૧ તા.૧૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે રેકર્ડ ઉપલબ્ધ નથી એ પ્રકારનો જવાબ સદંતર ખોટો જણાય છે અને ગુમાસ્તાધારા વિભાગ તરફથી માહિતી છુપાવવામાં આવી રહી હોય એમ લાગે છે. જો મિલ્કતવેરા વિભાગમાં દફતરે આકારણી કર્યા બાદ મે.મહેશ કેમીકલ એન્ડ કું. નું નામ ચઢેલુ હોય, મિલ્કતનો વેરો ધંધાદારીના પ્રકારથી વસુલાતો હોય, સદર ટેનામેન્ટમાં (૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨) દુકાનની નોંધણી એસ.એમ.સી. માં થયેલ હોય તો પછી ગુમાસ્તાધારામાં રેકર્ડ અંગેની માહિતી ન હોય તે સંભવ નથી. આમ જાણી જોઈને ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા માહિતી, ખોટા જવાબો આપવામાં આવેલ હોવાનું જણાવેલ.

અરજદારને અત્રેના તા.૪–૧–૧૨ ના પત્રથી ધારણા આધારિત રજુઆત સામે કોઈ આધાર હોય તો રજૂ કરવા તથા આ સંદર્ભે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તપાસણી મેળવેલ હોય તો સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૦–૧–૧૨ ના પત્રમાં કોઈ ધારણા આધારીત રજુઆત નથી કરી. તથા (સીઝેડ/આરટીઆઈ/ આ. ૧૭૦૧) માં જે જવાબો આપેલા છે તે બંને સાથે સુસંગત નથી જો મિલ્કતમાં દુકાન તરીકે તમારી સંસ્થા વેરો વસુલતુ હોય દુકાન તરીકે મહેશ કેમીકલ નોંધાયેલ હોય તો પછી ગુમાસ્તાધારા વિભાગ પાસે માહિતી ન હોય તે માનવામાં આવતુ નથી. જો એક વિભાગ (એસ.એમ.સીના) માં મહેશ કેમીકલનું નામ ચોપડે ચઢેલુ હોય તો ઉપરાંત વેરો એજ દુકાનનો વસુલાતો હોય તો બીજો વિભાગ શા માટે રેકર્ડ છુપાવે છે તે સમજ બહારનું છે. તેવી રજુઆત કરેલ.

આમ અરજદારની અપીલમાની રજૂઆત મુદ્દા નં.૧ પુરતી છે મુદ્દા નં.૨ ની માહિતી કે નકલો અંગે તેમણે કોઈ વિવાદ ઉપસ્થિત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૧૧–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે. તેમ છતાં અરજદારને માહિતી સમય અવધિમાં પુરી પાડેલ હોઈ ઈચ્છુક હોય તો લાગત ફાઈલનું ઈન્સ્પેકશન આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરુ પાડી થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી